જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૬/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૪૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ,૩૨ બીયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૪૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૪૫/૨૦૨૬**

દાણીલીમડાઃ અરશદખાન સ/ઓ શાહજાદખાન ચિમનખાન પઠાણ (ઉ.વ.૫૩) (રહે. સીરીન પાર્ક અલસાયરા પાર્ક ગ્યાસપુર) એ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૩/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પ્રાઇમ ટ્રેડર્સના પ્રશાંતભાઇ પ્રમોદભાઇ દાસ તથા વિશ્વરંજન (પ્રાઇમ ટ્રેડર્સ ખેલાઉર બ્રહ્મનતરબોઇ પુરી ઓડીસા) નાઓએ ભેગામળી દાણીલીમડા કબાડી માર્કેટ નં–૦૫ મા આવેલ "જી.એસ.ઓટોમોબાઇલ" ખાતે દલાલ હર્ષદભાઇ નાઓ દ્વારા અરશદખાન પઠાણ સાથે મુલાકાત કરી, પોતે સરકારી ટેન્ડર ભરી સ્ક્રેપનો માલ–સામાન ખરીદતા હોવાનુ અને તે માલ વેચતા હોવાનુ જણાવી, અરશદખાન પઠાણને સ્ક્રેપનો માલ–સામાન આપવાનુ જણાવી તેમનો વિશ્વાસ કેળવી તેમની પાસેથી અલગ–અલગ સમયે રૂપિયા મેળવી લઇ કુલ રૂપિયા ૪૩,૬૨,૫૭૮/– મતાનો સ્ક્રેપનો માલ–સામાન નહી મોકલી ફોન બંધ કરી દઇ અરશદખાન પઠાણ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.સોલંકી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૮૪૬/૨૦૨૬**

ગોમતીપુરઃ ચિરાગ રાકેશભાઈ નંદનવાર (રહે. મકાન નંબર–309 પટેલ પરમાનંદ ચાલી વિજય પેટ્રોલપંપ સામે રખીયાલ રોડ ગોમતીપુર) એ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૬ સાંજના ૬/૦૦ થી તા.૧૬/૦૬/૨૬ બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૪૨,૯૦૦/–, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૧૮,૦૦૦/–, સોનાની વીંટી કિમત રૂપિયા ૧૪,૫૦૦/– અને રોકડ રૂપિયા ૫૨,૫૦૦/– મળી કુલ રૂપિયા ૧,૨૭,૯૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડિ.બી.મહીડા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૮૪૭/૨૦૨૬**

વાડજઃ રૂપાજી વાઘાજી વણઝારા (ઉ.વ.૬૯)(રહે.સેક્ટર–૬, નરસિંહનગર સોસાયટી સામે રામાપીરનો ટેકરો જુના વાડજ) તા.૧૬/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ ગણેશ કોલેજ પાછળ આવેલ "શ્યામ વન" સાઈટ ઉપર ટ્રેક્ટરની અંદર તગારા–પાવડાથી સિમેન્ટ–ક્રોકિટનો કચરો ભરતા હતા ત્યારે સાઈટની બિલ્ડીંગના આઠમાં માળે ધુળ–માટી ના ઉડે તે સારું ગ્રીન નેટ બાંધવાનું કામ ચાલુ હતું. આ વખતે રૂપાજી વણઝારા નીચે તગારું ભરીને ઉભા હતા ત્યારે અચાનક સિમેન્ટનો બ્લોક ઉપરથી નીચે રૂપાજી વણઝારાના માથા ઉપર પડતા, માથામાં ગંભીર ઈજા થતા સારવાર અર્થે તેમને ઉસ્માનપુરા ખાતે આવેલ લાઈફ કેર હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૬/૨૦૨૬ સાંજના ૭/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશકુમાર ચંદુભાઈ ચલાવે છે.

વાસણાઃ ઘવલભાઇ નિકુલભાઇ પટેલ (ઉ.વ.૪૫)(રહે, આશ્રય પ્લેટીના આર્યવીલા ફ્લેટ પાસે ન્યુ રાણીપ) તા.૧૬/૦૬/૨૦૨૬ સાંજના ૭/૧૦ વાગ્યા પહેલા વાસણા સાફલ્યા એપાર્ટમેન્ટ નામની નવી બનતી સાઈટ ખાતે ત્રિજા માળે પોતાના ઈલેક્ટ્રીશીયનના કામ ઉપર હાજર હતા ત્યારે આકસ્મીક રીતે તેમનો પગ લપસી જતા ત્રિજા માળથી નીચે બેઝમેન્ટના ભાગે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રકુમાર ઘનશ્યામભાઈ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૮૪૮/૨૦૨૬**

વટવાઃ અજયભાઇ પરસોત્તમભાઈ પ્રજાપતી (ઉ.વ.૩૫)(રહે. કુશાલ આવાસ ડેરીયાપરા રોડ વટવા) તા.૧૮/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટની બહાર પોતે રેપીડોમાં રાઈડ પુરી કરીને ફ્લેટ સામે આવેલ મેદાન ખાતે બીજી રાઈડની રાહ જોતા ઉભા હતા ત્યારે અજયભાઈની પીઠ ઉપર રાખેલ બેગ કે જેમાં તેમનો મોબાઇલ અને પાવર બેંક અને અન્ય વસ્તુઓ હતી તે બેગમાં કોઈ અગમ્ય કારણસર આગ લાગતા, અજયભાઇના પહેરેલ કપડામાં આગ લાગતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૬/૨૦૨૬ બપોરના ૧/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૮૪૯/૨૦૨૬**

ઓઢવઃ હરેકિષ્ણ ચાર રસ્તા પાસે, સગુણા પાર્ક સોસાયટી વિભાગ–૧ ખાતે રહેતા શૈલેષભાઈ વર્માનાઓની ૧૪ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૬/૦૬/૨૦૨૬ ના કલાક ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.ખરાડી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી